<u>ફોજદારી કેસ નં.૫૦૧૧૯૨૧/૧૬</u>

**<u>–: આંક–૧લગત હુકમ :–</u>**

**૧.** આ કામે આરોપી સામે ફરીયાદ દાખલ થતા, તપાસના અંતે ચાર્જશીટ રજુ કરવામાં આવતા, આરોપી વિરુધ્ધ પ્રોસેસનો હુકમ કરવામાં આવેલ જે વગર બજયે પરત આવેલ છે. આરોપી મળી આવતા નથી.

**૨.** ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઓથોરીટીએ પરીપત્ર ધ્વારા સ્પેશીયલ સીટીંગનુ આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામા આવેલ છે. આ તબકકે ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ:૨૫૮ વંચાણે લેવી જરુરી છે. જે નીચે મુજબ છે.

**<u>કલમ :– ૨૫૮, કેટલાંક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.</u>**

**ફરિયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયનાં કોઈ **સમન્સ–કેસ**માં પ્રથમ વગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની પુર્વમંજુરી થી અન્ય કોઈ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને **કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મકત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** આમ, આ કલમ વંચાણે લેતાં, સ્પષ્ટ છે કે, ફરિયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયનાં કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્યસાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતાંસમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨(ઘ) પર થી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતાં આરોપીને પ્રોસેસ કરતાઆરોપી જણાવેલ સરનામે મળી ન આવતા હોય કે નજીકના ભવિષ્યમાંમળી આવે તેમજણાતુ ન હોયકેસનુ ભારણ બીનજરૂરી રીતે કોર્ટને કહેતુ હોય, પ્રોસેસ વગર બજે પરત આવેલ છે.એવા સંજોગોમાહાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયનાં હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

➔ હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ બંધ રાખી, આરોપીને છોડી મૂકવાનો હુકમકરવામાં આવે છે.

➔ મુદ્દામાલ દેશી/ ઈંગ્લીશ દારુનો અપીલ સમય બાદ નાશ કરવો.

➔ મુદ્દામાલ રોકડ રકમજપ્ત કરી,અપીલ સમય બાદ સરકાર ખાતે જમા કરવી.

➔ પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન અંગે જો અગાઉ હુકમ કરી વચગાળાની કસ્ટડી તેના અરજદારને સોંપવામા આવી હોય તો તે હુકમ કાયમ રાખવામા આવે છે અને જો આવો કોઈ હુકમ ન થયો હોય તો મુદ્દામાલ વાહન તેના રજીસ્ટર્ડ માલીકને આર.સી.બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાત્રી કરી પરત આપવુ.

➔ બીનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

➔ જો આરોપીની રોકડ જામીનગીરી જમા હોય તો અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવી.

આજ રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

તારીખ : ૧૦/૦૨/૨૦૧૮
મુકામ : અમદાવાદ.

( એચ. એસ. લાંગા )
ઍડિશનલ ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,
કૅાર્ટ નં. ૫, અમદાવાદ.
કોડ નં. જીજે–૦૦૧૦૦૦.